# ઍંકલેટ, બ્રેસલેટ નહીં ફેસલેટનો ટ્રેન્ડ!



જે રીતે લોકોની લાઈફસ્ટાઈલ બદલાય છે એ જ રીતે ફેશનની દુનિયાના ટ્રેન્ડ પર બદલાતા જોવા મળે છે. દરેક વખતે કંઈક અલગ પ્રકારની ડિઝાઇનવાળી વસ્તુઓ માર્કેટમાં કે સોશ્યલ મીડિયામાં જોવા મળે છે. દર થોડા થોડા સમયે નવો ટ્રેન્ડ આવે છે અને Gen Z એને તરત અપનાવી લે છે. Gen Z માટે ફેશન માત્ર કપડાં પૂરતી જ સીમિત નથી. નાની નાની એક્સેસરી પણ સ્ટાઈલ સ્ટેટમેન્ટ બની રહી છે. તો લગ્નો પણ હવે હાઈ એન્ડ ફેશન રનવે બની ગયાં છે. દુલ્હનો પણ કંઈક નવું અને હટકે કરવા ઈચ્છે છે ત્યારે ફેશનપ્રેમીઓ માટે ફેશનમાં એક નવો જ ટ્રેન્ડ ધૂમ મચાવી રહ્યો છે. એ છે ફેસલેટ, જે સિમ્પલ લુકને પણ ગ્લેમરસ અને કુલ બનાવી દે છે. જો તમે પણ આ ફેશન ટ્રેન્ડ વિશે જાણવા ઈચ્છતાં હો તો આવો જાણીએ ફેસલેટ શું છે અને તમે કયા પ્રકારની ડિઝાઈન્સ ટ્રાય કરી શકો છો. આ એક એવી એક્સેસરી છે જે દેખાવમાં ચશ્માં જેવી લાગે છે. એનો હેતુ લુકને ચાર ચાંદ લગાડવાનો છે.



## ફેસલેટ શું છે?

ફેસ અને બ્રેસલેટ આ બંને શબ્દોમાંથી ઉદ્ભવેલી ફેસલેટ જ્વેલરી ચશ્માં અને જ્વેલરીનું કોમ્બિનેશન છે. આ એક અલગ જ પ્રકારની જ્વેલરી છે. જે રીતે આપણે હાથમાં બ્રેસલેટ પહેરીએ છીએ એ જ રીતે ચહેરાની સુંદરતા વધારવા લોકો ફેસ ફ્રેમ માટે તેનો ઉપયોગ કરે છે.

ફેસલેટ્સ વાસ્તવમાં એક પાતળી ચેન કે નાના સ્ટોનની ડિઝાઈન હોય છે. ફીચર્સને ફ્રેમ કરવા એ નાકના બ્રિજથી કાન સુધી, જોલાઈન સાથે, ટેમ્પલ પર પહેરી શકાય છે. એ પહેરવાથી ચહેરા પર એક યુનિક અને એસ્થેટિક લુક આવે છે. જે ફોટા અને રીલ્સમાં સરસ લાગે છે. ટ્રેડિશનલ જ્વેલરીની જેમ એ કાન કે ગળામાં પહેરાતી નથી. હવેની મોડર્ન દુલ્હન ભારે નથણી, માથાપટ્ટીને બદલે કંઈક નવું ઈચ્છે છે જે બોલ્ડ હોય અને તેમના વ્યક્તિત્વને અલગ દર્શાવે. ફેસલેટ્સ એ જરૂરિયાત



પૂરી કરે છે.

ફેસલેટ્સની ખાસિયત એ છે કે એ ઈન્ડિયન અને વેસ્ટર્ન બંને આઉટફિટ્સ સાથે પહેરી શકાય છે. તમે એ સાડી સાથે ટ્રેડિશનલ લુકમાં પહેરી શકો છો તો વેસ્ટર્ન આઉટફીટ સાથે ઈન્ડો ફ્યુઝન સ્ટાઈલ કરી શકો. છુટ્ટા વાળ સાથે એ વધારે સ્ટાઈલિશ લાગે છે. ફેસલેટમાં ઘણા પ્રકારની ડિઝાઈન્સ અત્યારે ટ્રેન્ડમાં છે.

## હાર્ટ ડિઝાઇન

તમે કંઈક અલગ ટ્રાય કરવા ઈચ્છતાં હો તો ફેસ ફ્રેમ માટે હાર્ટ ડિઝાઈનવાળા ફેસલેટ લઈ શકો. એમાં 3 હાર્ટની ડિઝાઈન મળી જશે. એનાથી તમારો ચહેરો આકર્ષક દેખાશે.



## પર્લ વર્ક

જો તમને મોતી પસંદ હોય તો તમે પર્લ વર્કવાળી ફેસલેટ એક્સેસરી સ્ટાઈલ કરી શકો. એમાં નાના અને મોટા પ્રકારના પર્લ મળે છે.

## સિમ્પલ ડિઝાઈન...

લુક નિખારવા તમે સિમ્પલ ડિઝાઈનવાળા ફેસલેટ પહેરી શકો. એની સાથે તમારે ફેસ માટે અન્ય એક્સેસરીઝ પહેરવાની જરૂરત પડશે નહીં.

## સ્ટોન વર્ક

સ્ટોનવાળા મિનિમલ ગોલ્ડ ફેસલેટ્સ આજકાલ વધુ પસંદ કરવામાં આવે છે. લગ્ન કે ફેસ્ટિવલ માટે કુંદન કે



સ્ટોનવર્કવાળા ફેસલેટ સારો ઓપ્શન છે. એ પહેરવાથી ચહેરાને એક ખાસ અટેન્શન મળે છે.

## ટિપ્સ

» સોબર લુક માટે પાતળી ડાયમંડ લાઈનવાળી ફ્રેમ પસંદ કરી શકાય. એમાં આંખની કિનારી પર જ ડાયમંડ વર્ક હોય છે.

» બટર ફ્લાય કે વિંગ્ડ ડિઝાઈન બોલ્ડ ડિઝાઈન છે. મોડેલ શૂટ્સમાં એ સુંદર લાગે છે.

» મેકઅપ સોફ્ટ અને ગ્લોસી હોય તો ફેસલેટ્સનો લુક વધારે નિખરે છે.

» જો ફેસલેટ પહેરતાં હો તો ચહેરા પર મોટી નથ, માથાપટ્ટી જેવાં હેવી આભૂષણો પહેરવાનું ટાળો.

» ઓનલાઈન અને માર્કેટમાં 200થી 1000 રૂ. સુધીમાં સારી ડિઝાઈનના ફેસલેટ મળે છે.



